**<u>વલસાડના ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. વલસાડ</u>**
**<u>ફોજદારી કેસ નંબર :</u> ૬૦૮૦/૨૦૨૨**
આંક– ૧૦

ફરિયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી : અમિષાબેન રાજેશભાઈ પટેલ,**

**રહે.માલવણ આગર ફળીયા,તા.જી.વલસાડ.**

---

ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ

---

સરકાર તર્ફે વિ. એ.પી.પી શ્રી આઇ. કે. વ્હોરા
આરોપી તર્ફે વિ. વકીલ શ્રી એમ.કે.શર્મા

---

**<u>:: જજમેન્ટ ::</u>**

**૧.** ફરિયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી પોતાના કબજામાં વગર પાસ પરમીટે ઇંગ્લીશ દારૂ રાખી પકડાઇ જઇ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ.વકીલ શ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલા અને તેઓને પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપ્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપી દ્વારા પોતે ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** ફરિયાદપક્ષે આંક–૦૫ થી પંચની જુબાની લેવામાં આવેલ તેમજ ફરીયાદપક્ષે આંક–૦૬ થી પંચનામું રજુ રાખવામાં આવેલ છે. હાલના ગુન્હાના કામે પંચ હોસ્ટાઇલ થતાં રીકવરી શંકાસ્પદ બનતાં ફરિયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી.

ત્યાર બાદ ફરીયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી રોહીત ગુલાબભાઈ પટેલની સોગંદ પર ની જુબાનીમાં તેઓ જણાવે છે કે,તા.૨૯.૦૪.૨૦૨૨ ના રોજ તેઓ તથા અ હે કો પ્રમોદભાઈ શાલીગ્રામ તથા બે પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બેસીને વલસાડ ડુંગરી પોસ્ટે વિસ્તારમાં પ્રોહી પેટ્રોલીંગમાં નીકળેલા તે દરમ્યાન મોજે ડુંગરી ઓવરબ્રીજ પાસે એક મહિલા બેગ લઈ ઉભેલ હોય તેઓ પાસેની બેગ પંચો રૂબરૂ ચેક કરતા તેમાં ઈંગ્લીશદારૂની બાટલી ભરેલ હોય જેથી તેઓ પાસે પાસ પરમીટ માંગતા નહિ હોવાનુ જણાવેલ જેથી સાથેના પંચો રૂબરૂ તેઓનું

નામ પુછતા તેણીએ પોતાનુ નામ અમિશાબેન રાજેશભાઈ પટેલ રહે. માલવણ આગર ફળિયા વલસાડની હોવાનુ જણાવેલ તેણી પાસેના બેગમાં ભરેલ ઈંગ્લીશ દારૂની બાટલીઓ ગણી જોતા જે કુલ્લે ૨૪ નંગ જેની કીં. રૂ. ૨૪૦૦/– રૂપિયા ગણી લઈ તપાસ અર્થે કબજે કરેલ. પ્રોહી જથ્થમાંથી સેમ્પલ માટે બે બે બોટલ કાઢી લઈ તેના ઉપર પંચોની સહી વાળી કાપલી લગવાવી નમુના માટે સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ. બનાવ બાબતે તેઓ પોલીસ ફરીયાદ આપેલ તેમને પોલીસ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા તેમની સહી છે જે સહી ઓળખે છે જે ફરીયાદ આ કામે રજુ દાખલ આંક ૦૮ સદરહું પ્રોહી મુદ્દામાલ એફ એસ એલ માં કોકલેલ જે અંગેનું એફ એસ એલ સર્ટીફીકેટ આવતા સદરહું એફ એસ એલ સર્ટી નામ કોર્ટમાં રજુ કરતા જે સર્ટીને રજુ દાખલ આંક ૦૯ આપવામાં આવે છે. બચાવપક્ષ ધ્વારા સાહેદની થયેલ ઉલટ તપાસમાં તેઓ એ જણાવેલ છે કે, પેટ્રોલીંગમાં બે પોલીસના તથા બે પંચો માણસો સાથે નીકળેલા, બાતમી સાથેના પોકોને મળેલ, બાતમી મળેલ તે વખતે ખાનગી વાહનમાં હતા તેમજ પંચો વાહનમાં બેસેલ હતા તેમજ પંચોને સમજ કરી કોઈ પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ નહિ. બાતમી કેટલા વાગ્યે મળેલી તે ખ્યાલ નથી તેમજ બનાવવાળી જગ્યા વિસ્ત વાળો વિસ્તાર છે તેમજ બનાવવાળી જગ્યાએથી સહેલાથી પંચો મળી શકે તેમ છે તેમજ પંચો કાયમી પંચો છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**૪.** ૦૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ મળી આવેલ હોય અને તેની સેમ્પલની કાર્યવાહી કરવામાં આવેલ હોય તેમજ આરોપી પાસે સદર પ્રતિબંધિત પદાર્થ રાખવા માટે પાસ પરમીટની માંગણી કરતાં તે નહિ હોવાનું જણાવવામાં આવેલ હોય ?

૦૨. શું હુકમ ?

**૫.** ઉપરોકત જણાવેલા મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને આધારે નીચે મુજબ છે ?

૦૧. નકારમાં,
૦૨. આખરી હુકમ મુજબ.

**(કારણો)**

**૬. મુદ્દા નંબર : ૦૧**

હાલના ગુન્હાના કામે બે પંચોને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચોની જુબાની જો વંચાણે લેવામાં આવે તો તેઓ બંને પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા પંચો છે. જેથી વિ. એ.પી.પી. ની મૌખિક વિનંતીથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી

શકાય તેવા પ્રશ્નો પુછવા માટેની પરવાનગી આપેલ હોવા છતાં પણ સદર બંને પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે તેઓએ એક તૈયાર પંચનામામાં સહી કરેલી સહિ સિવાય પંચનામાની હકીકત વિશે તેમને ખબર નથી. આમ, હાલના ગુન્હાના કામે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી જેથી આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ પકડાયેલ હોય તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતરપણે નિષ્ફળ નીવડેલ છે. જયારે મુદ્દામાલ રીકવરી શંકાસ્પદ બનતી હોય તેવા સંજોગોમાં અન્ય કોઈ સાહેદોને તપાસવાની જરૂરીયાત જણાઇ આવતી નથી. જેથી હાલના ગુન્હાના કામે આરોપીની સંડોવણી વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. કારણ કે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી. જેથી રીકવરી શંકાસ્પદ બને છે. આમ, આરોપી પાસેથી કોઇ કબજે લીધેલ મુદ્દામાલ પકડાયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ (૨૦૧૧) ૨૬ જી.એલ.એચ. ૧ માં ઠરાવેલ છે કે " When judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date."

**૭.** આમ, જયારે ફરિયાદના કામે મહત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન કરતાં ન હોય તો માત્ર કેસની કાર્યવાહી પુરી કરવા માત્ર સર અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતાં નથી. ગુન્હાવાળી જગ્યા તેમજ રીકવરી પંચનામું પુરવાર ન હોય તેવા સંજોગોમાં આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. આ તબકકે અત્રેની અદાલતે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

ઓનકાર મનીક પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં નામદાર મુંબઇ હાઇકોર્ટ દ્વારા એ હકીકત જણાવવામાં આવેલ છે કે પ્રોહીબીશન કેસમાં બંને પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદી તેમજ અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપર જુબાની લેવાની જરૂરિયાત નથી તેમજ નીચેની અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર મુંબઇ હાઇકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવેલ છે. આમ, આરોપી નિર્દોષ છે તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::::: આખરી હુકમ :::::–**

- **આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ**

**આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

- **મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નીકાલ કરવો.**
- **ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭ અ ની જોગવાઈઓનું પાલન કરવા માટે હાલના કામે અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તારીખ :૦૭.૧૧.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭.૧૧.૨૦૨૩
વલસાડ.

**(આર.આર.દેસાઈ)**
ચીફ જયુ.મેજી.વલસાડ.
કોડ નંબર : જીજે. ૦૧૦૮૯.